# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં યુરોપિયન સંઘના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે પ્રતિનિધિમંડળની વાટાઘાટો કરશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગુજરાતના ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનાં ત્રીજા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આરોગ્ય સંભાળને પ્રોત્સાહન આપવા, ઔષધીય વનસ્પતિઓની ખેતી દ્વારા ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા પર ભાર મૂક્યો છે.

4) નાણા સચિવ તુહિન કાંત પાંડેને સેબીના નવા ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

5) આજે દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

6) ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં, લાહોરમાં અફઘાનિસ્તાન અને ઓસ્ટ્રેલિયા ક્વાર્ટર ફાઇનલ મેચ રમશે.

.............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PREZ-EU---INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં યુરોપિયન સંઘના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે.

રાષ્ટ્રપ્રમુખ વોન ડેર લેયેન ગઈકાલે ભારતની બે દિવસીય મુલાકાત માટે દિલ્હી પહોંચ્યા હતા, તેમની સાથે 27 યુરોપિયન સંઘમાંથી થી 22 કમિશનરો પણ હતા. EU કોલેજ ઓફ કમિશનર્સની આ પહેલી ભારત મુલાકાત છે, અને ગયા વર્ષે ડિસેમ્બરમાં કાર્યભાર સંભાળનાર નવા કોલેજ ઓફ કમિશનર્સ માટે યુરોપની બહારની પહેલી યાત્રા છે. આ મુલાકાત વધતા સંકલનના આધારે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે.

ભારત અને યુરોપ 2004 થી મહત્વપૂર્ણ ભાગીદાર રહ્યા છે અને વિવિધ ક્ષેત્રોમાં તેમના દ્વિપક્ષીય સંબંધો વિસ્તૃત અને ગાઢ બન્યા છે. બંને દેશો વચ્ચેના સંબંધો વેપાર, રોકાણ, આબોહવા પરિવર્તન અને વિજ્ઞાન અને ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરે છે.

# PRESIDENT GUJARAT VISIT

ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનાં ત્રીજા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે.

ભુજના અમારા પ્રતિનિધી હેમાંગ પટ્ટણી જણાવે છે કે, રાષ્ટ્રપતિ મુર્મુ આજ થી બે દિવસ કચ્છ ની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આજે બપોરે સ્મૃતિવન સંગ્રહાલય અને સ્મારકની મુલાકાત લેશે. બાદમાં ધોરડો પહોંચશે. જ્યાં રણ ઉત્સવ ટેન્ટ સિટી ખાતે

કચ્છના સ્થાનિક કારીગરો સાથે સંવાદ કરશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ ક્રાફ્ટ સ્ટોલની મુલાકાત લેશે અને સફેદ રણમાં રાષ્ટ્રપતિશ્રી સૂર્યાસ્ત નિહાળશે. ત્યારબાદ સફેદ રણ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને વિવિધ પ્રસ્તુતિઓને નિહાળશે.

આવતીકાલે સુશ્રી મુર્મુ વિશ્વ વારસાના સ્થળ ધોળાવીરા સાઈટની મુલાકાત લેશે. એક યાદીમાં જણાવવામાં આવ્યું કે, રાષ્ટ્રપતિની મુલાકાતને ધ્યાનમાં રાખીને આજે સ્મૃતિવન મેમોરિયલ અને સંગ્રહાલય દરેક મુલાકાતીઓ માટે બંધ રહેશે. જે શનિવારથી રાબેતા મુજબ ચાલુ રહેશે.

દરમિયાન રાષ્ટ્રપતિ ગઈકાલે અમદાવાદ ખાતે રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થા- NIDનાં 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહયા હતા.

# PM-AYUSH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આરોગ્ય સંભાળને પ્રોત્સાહન આપવા, ઔષધીય વનસ્પતિઓની ખેતી દ્વારા ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા પર ભાર મૂક્યો છે.

નવી દિલ્હીમાં ગઇકાલે આયુષ ક્ષેત્રની સમીક્ષા કરવા યોજાયેલ એક ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન, પ્રધાનમંત્રીએ પરંપરાગત દવાઓમાં અગ્રણી તરીકે દેશની વૈશ્વિક સ્થિતિ વધારવામાં આ ક્ષેત્રના મહત્વપૂર્ણ યોગદાન પર ભાર મૂક્યો. તેમણે આ ક્ષેત્રની સુલભતા અને વૃદ્ધિ, વિશ્વભરમાં તેની વધતી જતી સ્વીકૃતિ અને ટકાઉ વિકાસ અને રોજગાર સર્જનને આગળ વધારવાની તેની સંભાવના વિશે વાત કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું, સરકાર સંશોધન અને નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરીને આયુષ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે યોગ,

નિસર્ગોપચાર અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર માટે સર્વાંગી અને સંકલિત આરોગ્ય અને માનક પ્રોટોકોલને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. પ્રધાનમંત્રીએ તમામ હિતધારકોને પ્રામાણિકતાના ઉચ્ચતમ ધોરણો જાળવવા નિર્દેશ આપ્યો. તેમણે જણાવ્યું કે, આયુષ ક્ષેત્રે ઝડપી આર્થિક વૃદ્ધિ દર્શાવી છે.

# SEBI-NEW-CHAIRMAN

નાણા સચિવ તુહિન કાંત પાંડેને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા-સેબીના નવા ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ આગામી ત્રણ વર્ષ સુધી આ પદ સંભાળશે. તેઓ માધવી પુરી બુચનું સ્થાન લેશે.

કેન્દ્રીય મંત્રીમંડળની નિમણૂક સમિતિએ સેબીના નવા ચેરમેન તરીકે તુહિન કાંત પાંડેની નિમણૂકને મંજૂરી આપી છે.

# MAHAKUMBH YOGI

પ્રયાગરાજમાં મહાકુંભની પૂર્ણાહુતી બાદ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સફાઇ કર્મચારીઓ માટે વિશેષ બોનસની જાહેરાત કરી.

<u>(BYTE- YOGI AADITYANATH)</u>

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# NATIONAL-SCIENCE-DAY

**આજે દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. મહાન ભૌતિકશાસ્ત્રી સર સી.વી. રમન દ્વારા રમન ઇફેક્ટની શોધની યાદમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીએ આ દિવસ ઉજવવામાં આવે છે.**

**આ મહત્વપૂર્ણ શોધ માટે તેમને 1930માં તેમને નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે, આજે દેશમાં વિવિધ વિષયો પર આધારિત વૈજ્ઞાનિક સંચાર સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ પણ આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના કાર્યક્રમમાં ભાગ લેશે.**

**આ વર્ષના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનો વિષય વિકસિત ભારત માટે વિજ્ઞાન અને નવીનતામાં વૈશ્વિક નેતૃત્વ માટે ભારતીય યુવાનોને સશક્ત બનાવવાએ છે.**

# PM-JAHAN-E-KHUSRAU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં સુંદર નર્સરી ખાતે જહાં-એ-ખુસરો 2025 માં ભાગ લેશે.

આ ભવ્ય સૂફી સંગીત મહોત્સવ આ વર્ષે તેની 25મી વર્ષગાંઠની ઉજવણી કરે છે. તે આજથી 2 માર્ચ સુધી યોજાઈ રહ્યો છે. આ મહોત્સવ અમીર ખુસરોના વારસાની ઉજવણી માટે વિશ્વભરના કલાકારોને એકત્ર કરી રહ્યો છે. પ્રધાનમંત્રી દેશની વૈવિધ્યસભર કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના પ્રબળ હિમાયતી રહ્યા છે.

રૂમી ફાઉન્ડેશન દ્વારા આયોજિત, આ મહોત્સવ આ વર્ષે તેની 25મી વર્ષગાંઠની ઉજવણી કરશે. તેની શરૂઆત પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને કલાકાર મુઝફ્ફર અલી દ્વારા 2001 માં કરવામાં આવી હતી. મહોત્સવ દરમિયાન, પ્રધાનમંત્રી T.E.H.બજાર (TEH- ધ એક્સપ્લોરેશન ઓફ ધ હેન્ડમેડ) ની પણ મુલાકાત લેશે, જેમાં એક જિલ્લો એક ઉત્પાદન હસ્તકલા અને દેશભરની અન્ય વિવિધ ઉત્કૃષ્ટ કલાકૃતિઓ, હસ્તકલા અને હાથવણાટ પરની ટૂંકી ફિલ્મો, અન્ય વસ્તુઓ દર્શાવવામાં આવશે.

# TRUMP-UKRAINE

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે, યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકી વ્હાઇટ હાઉસની મુલાકાત લેશે અને યુક્રેનના દુર્લભ પૃથ્વી ખનિજો માટે અમેરિકાને અધિકારો આપતા મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કરશે. વ્હાઇટ હાઉસ ખાતે તેમના મંત્રીમંડળની પહેલી બેઠક દરમિયાન, ટ્રમ્પે આમ જણાવ્યું હતું. સાંભળીએ એક એહવાલ

<u>(BYTE -ANUPAM-MISHRA—MUKESH)</u>

# CHAMPIONS-TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં, અફઘાનિસ્તાન અને ઓસ્ટ્રેલિયા આજે બપોરે ક્વાર્ટર ફાઇનલ મેચ રમશે. આ મેચ લાહોરમાં ભારતીય સમય મુજબ બપોરે 2:30 વાગ્યે રમાશે.

ગઈકાલે, રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યજમાન પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની મેચ સતત વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. 29 વર્ષમાં પહેલી વાર ICC ટુર્નામેન્ટનું આયોજન કરતા, પાકિસ્તાને આમ એક પણ વિજય નોંધાવ્યા વિના પોતાના અભિયાનનો અંત કર્યો. બાંગ્લાદેશે પણ જીત વિના પોતાની સફરનો અંત કર્યો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- આજનાં અખબારોએ વિવિધ સમાચારોને હેડલાઇન બનાવી છે. ગુજરાત સમાચાર હેડલાઇનમાં જણાવે છે કે, અમેરિકન કંપનીઓએ ભારતીય વિદ્યાર્થીઓની ભરતી કરવા ગોલ્ડ કાર્ડ લેવા પડશે.
- નવ ગુજરાત સમયની હેડલાઇન છે- ક્રિકેટ ટીમનાં ધબડકાનાં પડઘા પાકિસ્તાનની સંસદમાં પડશે.
- સંદેશ હેડલાઇનમાં જણાવે છે કે- ખરાબ હાઇ-વે, ટોલમાં 80 ટકા કાપ મૂકવા જમ્મુ કાશ્મીર હાઇકોર્ટનો આદેશ. આદેશની અસર દેશભરનાં ટોલ વસૂલતા હાઇવે પર પડશે. આ સમાચાર ગુજરાત સમાચાર અને ફુલછાબ દૈનિકે પ્રથમ પાને લીધા છે.
- દિવ્ય ભાસ્કર હેડલાઇનમાં વિશેષ અહેવાલમાં જણાવે છે કે, ગોલ્ડકાર્ડ મુદ્દે બોલકા ટ્રમ્પનું ગ્રીન કાર્ડ અને એચ-વન બી વિઝા મુદ્દે મૌન
- સંદેશનાં અહેવાલ પ્રમાણે, દેશમાં વર્ષની શરૂઆતમાં જ હીટવેવનાં આરંભનાં સંકેતોથી ચિંતાનું વાતાવરણ- દિલ્હીમાં 74 વર્ષની સૌથી ગરમ રાત નોંધાઈ- મહારાષ્ટ્ર, ગોવાનાં કિનારાનાં વિસ્તારોમાં પણ હીટવેવની સ્થિતિ
- સંદેશે હિમાચલમાં હિમવર્ષાની અને રાજસ્થાન પત્રિકાએ કાશ્મીરમાં બરફવર્ષાની તસવીર પ્રથમ પાને પ્રકાશિત કરી છે, તો ગુજરાત સમાચારે પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમની તસવીર સાથે લખ્યું છે કે, મહાકુંભનાં સમાપન સાથે ભક્તોની ભીડમાં ભારે ઘટાડો થયો છે.
- આ ઉપરાંત, વક્ફ બિલને કેબિનેટની મંજૂરી, ઇઝરાયેલમાં આતંકી હૂમલો, અમેરિકા ચાર માર્ચથી મેક્સિકો, કેનેડા પર 25 ટકા અને ચીન પર 10 ટકા ટેરિફ લાદશે, મહાકુંભમાં ગંગાની સફાઇ સહિત ત્રણ રેકોર્ડને ગિનીઝ બુકમાં સ્થાન જેવા સમાચારો વિવિધ અખબારોમાં જોવા મળે છે.
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો- મોટાં ભાગનાં અખબારોએ અહેવાલ આપ્યો છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બીજી અને ત્રીજી માર્ચે સૌરાષ્ટ્રમાં અને આઠ તથા નવ માર્ચે દક્ષિણ ગુજરાતની મુલાકાતે આવશે.